Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનન્દ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત્ ૧૯૬૫. ચૈત્ર. અંક ૯ મો.

## પ્રભુ સ્તુતિ

### શાર્દૂલવિક્રિડીત.

જે અજ્ઞાન[1] મહાંધકાર હરવા ઉદ્યોતને આપતા,
જે ધારે શુભ બોધ[2] રશ્મિ હૃદયે કર્મો વિષે તાપતા;
[3]વિશ્વાકાશ વિષે પ્રકાશ ધરતા જે તેજ ધારી અતિ,
તે થાઓ જયવંત [4]વીર તરણિ આપો સદા સન્મતિ. ૧

જેના જ્ઞાન સમૂદ્ર (નો) અંશ મળતાં પંડિત સ્હેજે થતા,
તેજેથી તપ જે તપે સરવથા શ્રી પુર તે પામતાં;
જે નામે જપતાં મળે સુખ અને શાંતિ છવાતી અતિ,
તે થાઓ જયવંત વીર તરણિ આપો સદા સન્મતિ. ૨

---

૧ અજ્ઞાનરૂપી મોટું અંધકાર. ૨ શુભ બોધ રૂપી કિરણો. ૩ આખા જગતને છાનાર આકાશમાં. ૪ શ્રી મહાવીર સ્વામી રૂપી સૂર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાની.

( ગતાંક સાતમાના પૃષ્ટ ૧૫૨ થી શરૂ. )

અમારા દર્શનનું નામ વૈશેષિક દર્શન છે. અમારૂં દર્શન નૈયાયિક દર્શનને ઘણે ભાગે મળતું છે. અમારા દર્શનના આચાર્ય કણાદ મુનિ છે. અમારા દર્શનનો વેષ નૈયાયિક દર્શનના જેવો છે. કાપોતિવૃત્તિ ગ્રહણ કરી રસ્તામાં પડેલા ચોખાના દાણા ભેગા કરી ગૃહણ કરતા હતા, તે ઉપરથી અમારા આચાર્યનું કણાદ નામ પડેલું છે. અમારા દર્શનિયો શંકરના ભક્ત છે. અમારૂં દર્શન નૈયાયિક પેઠે દેવતાને માને છે. અમારા દર્શનના અને નૈયાયિક દર્શનના તત્વમાં ભેદ છે. અમારા દર્શનમાં દ્રવ્ય–ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એ છ તત્વ માનવામાં આવે છે.

પેલું દ્રવ્ય તત્વ–પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મનસ્ એમ નવ પ્રકારે છે.

બીજું તત્વ–ગુણ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ, શબ્દ, સંખ્યા વિભાગ, સંયોગ, પરિમાણ, પૃથકત્વ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, ધર્મ અધર્મ, પ્રયત્ન, સંસ્કાર, દ્વેષ, સ્નેહ, ગુરૂત્વ, દ્રવ્યત્વ, અને વેગ મળી પચ્ચીશ પ્રકારે છે.

ત્રીજું કર્મતત્વ–ઉત્ક્ષેપ, અવક્ષેપ, આકુંચન, પ્રસારણ અને ગમન એમ પાંચ પ્રકારે છે.

ચોથું સામાન્યતત્વ–પર અને અપર એમ બે પ્રકારે છે.

પાંચમુ વિશેષતત્વ–નિત્યદ્રવ્યવૃત્તિ અને અંત્ય બે પ્રકારે છે.

છઠું સમવાયતત્વ–આધારાધેય ભૂતએવા અયુતસિદ્ધ ભાવોનો જે સંબંધ અત્ર પ્રત્યયનો હેતુ તે સમવાય કહેવાય છે.

અમારા દર્શનમાં પ્રમાણ પ્રત્યક્ષ અને લૈંગિક એ રીતે બે મનાય છે. સૃષ્ટિના પદાર્થનું પૃથક્કરણ કરી તેમની ઉત્પત્તિ સ્થીતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષે નિર્ણય કરી મોક્ષને સાધવો જોઇએ એમ અમારૂં દર્શન કહે છે. આકાશાદિ નિત્ય છે. દીપક પ્રમુખ કાંઇક કાળ રહેવા વાળા છે. બુદ્ધિ સુખાદિ તે ક્ષણિક છે. ચૈતન્યાદિ તથા રૂપાદિ, આત્માદિ અને ઘટાદિના ધર્મ છે, અને ધર્મિથી અત્યંત જુદા છતાં તે સમવાય સંબંધથી સંબદ્ધ થયા છે. સમવાયનિત્ય, સર્વગત્, અને એક છે, આત્મા સર્વગત્ છે. બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, અને ભાવનાખ્ય સંસ્કાર એ નવ આત્માના વિશેષ ગુણનો ઉચ્છેદ તે મોક્ષ કહેવાય છે.

આ પ્રમાણે વૈશેષિક દર્શનના પંડિતે પોતાના દર્શનની હકીકત જાહેર કર્યા બાદ રાણી બોલ્યા—

રાણી—પંડિતજી ! તમારા દર્શનમાં જ્યારે બુદ્ધિ વિગેરે ગુણ સંતાનનો ઉચ્છેદ તે મોક્ષ એમ કહે છે, ત્યારે અહીં એટલુંજ પુછવાનું છે કે, આત્માથી સર્વથા ભિન્ન એવા બુદ્ધિ વિગેરે ગુણના સંતાનનો ઉચ્છેદ સાધવાનો છે, કે આત્માથી અભિન્ન એવાનો ? અથવા ભિન્નાભિન્ન એવાનો ? જો ભિન્નનો એમ કહેશો તો હેતુને આશ્રયાસિદ્ધપણાનો દોષ આવશે. કેમકે સંતાનીથી ભિન્ન એવા સંતાનની કલ્પના તે કેવળ કપોલ કલ્પિત કલ્પનાજ છે. જો બીજો પક્ષ અભિન્નનો એમ કહેશો તો, સર્વથા અભિન્ન એવા સંતાનનો ઉચ્છેદ થતાં સંતાનીનો પણ ઉચ્છેદ થઇજશે. તો પછી મોક્ષ કોનો થશે? ત્રીજો પક્ષ ભિન્નાભિન્નનો લેશો તો સિદ્ધાંત તૂટીજશે. વળી તેનું ફળ પણ હેતુ વિરૂદ્ધ છે, કારણ કે કાર્ય કારણ ભૂત જે ક્ષણ પ્રવાહ તે રૂપ જે સંતાનપણું તેનો નિત્ય કે અનિત્ય એવો એક નિશ્ચય થવો અશક્ય છે. કારણ કે અર્થક્રિયાનું કરવાપણું જે ક્ષણ પ્રવાહરૂપ છે તે નિત્યાનિત્ય એવા અનેકાંતવાળુંજ છે. તેમાં સાધ્ય અવિકળ એવું દીપકનું દ્રષ્ટાંત છે. જેમ દીપકનો અત્યંત ઉચ્છેદ થતો નથી કેમકે તૈજસ પરમાણું છે, તે પ્રકાશ રૂપ તજીને અંધકાર રૂપે રહે છે.

વળી તમારૂં દર્શન ગુણનો ઉચ્છેદ સિધ્ધ કરે છે તે કેવી રીતે ? ઇંદ્રિયથી થયેલા બુદ્ધિ વિગેરે ગુણનો ઉચ્છેદ કહો છો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે અતીંદ્રિયનો ? જો પ્રથમ પક્ષ સ્વીકારો તો અમારે પણ માન્ય છે. અને બીજો અતીંદ્રિયનો પક્ષ સ્વીકારો તો તેવી મુકિત તો કોઈ પણ ઈચ્છશે નહીં. જે જે મોક્ષના અભિલાષી છે, તે તે નિઃસંશય સુખની પ્રાપ્તિની આશાએ પ્રવર્તે છે. કાંઇ પથરાના કટકાની પેઠે સુખના જ્ઞાન વિગેરેથી રહિત થતો હોય તો તેવા મોક્ષનું કાંઈ કામ નથી, એથી સંસાર જ સારો છે. અનેક દુઃખ છતાં સંસારમાં સુખ પણ અનુભવાય છે. એવા તમારા દર્શનના કલ્પેલા મોક્ષમાં જવાની તો કોઇની ઇચ્છા થાય નહીં.

રાણીના આવા ચાતુર્ય અને તર્ક શકિતથી રાજાને આનંદ થયો—અને ગર્ભમાં આવેલ ઉત્તમ જીવનો આ સર્વ પ્રભાવ જાણી તે અત્યંત આનંદ પામવા લાગ્યો. ત્યારબાદ ચાર્વાકદર્શનના પંડિતને બોલાવવા સૂચના કરી, જેથી તે દર્શનના પંડિત હાજર થયા. તેમને રાજાએ આસન ઉપર બેસવા સૂચના કરતાં તે પંડિતે પોતાનું આસન લીધા બાદ પોતાના ચાર્વાકદર્શનનું સ્વરૂપ કહેવું શરૂ કર્યું.

# સ્ત્રી કેળવણીની આવશ્યકતા.

મનુષ્ય ક્ષેત્રના દરેક વ્યવહારમાં સ્ત્રી જીવન કેટલું મહત્વનું છે, તેની કેટલી ઉપયોગિતા છે, કુટુંબ, કોમ અને દેશ ઉન્નતિમાં તેમની કેટલી જરૂરીયાત છે, તેનો જો વિચાર કરીયે તો તે તમામ સ્ત્રીની ઉન્નતિ ઉપર આધાર રાખે છે. અને સ્ત્રીની ઉન્નતિ થવી તે તેણે લીધેલ કેળવણી ઉપર આધાર રાખે છે.

માનવ જીવનનું ઉત્પત્તિ સ્થાન અને મૂખ્ય પોષક બીજ સ્ત્રી છે. તેની નિર્મળતા, પવિત્રતા, ઉત્કૃષ્ટતા, શૌર્યતા, એ વિગેરેનો આધાર સ્ત્રી જાતિ ઉપર (ભવિષ્યની પ્રજાની માતાઓ ઉપર) રહેલો છે. ગૃહિણી તરીકે—માતા તરીકે સ્ત્રીઓની ઘરપર તેમજ કુટુંબપર જેટલી અસર છે, તેટલી ભાગ્યેજ અન્ય કોઇની હોઈ શકે, જેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવિષ્યની પ્રજાની ઉન્નતિનું મૂળ સ્ત્રી કેળવણી હોઇને તેની આવશ્યકતા છે. લઘુ વયના બાળક બાળિકાને પ્રથમ શિક્ષણ માતાનું છે, અને તે ગૃહ શિક્ષણ કેહેવામાં આવે છે, જે માતાઓથીજ મળી શકે છે. અનેક સ્કુલોમાં અનેક વરસો તક શિક્ષણ લેવામાં આવે, પણ માતા તરફના ( ગૃહ શિક્ષણ ) શીક્ષણની જે અસર થાય છે તે કદાપિ બીજી રીતે અનાયાસે થતી નથી. જેવું વર્તન માતાઓ કરે છે, તેવું તેમના બચ્ચાઓનાં કુમળા હૃદયમાં પ્રતિબિંબ પડે છે; જે આખી ઉમર તક ભૂલી જવાતું નથી. સદ્‌વર્તન પ્રાપ્ત થવું તે કેળવણી પ્રાપ્ત કરવામાં સમાયેલું છે. માતા સદ્‌વર્તનવાળી અને શુશિક્ષીત હોય તો તેના સંતાનો પણ તેવા નિવડે છે. તીર્થંકર ગણધરાદિની માતાઓ પણ તેવા ઉંચા શીક્ષણથીજ જગતની માતા અને વીર પુરૂષોની માતા તરીકે પ્રસિદ્ધ થયેલ છે. અને તેટલા માટે ઇંદ્રાદિક દેવતા પણ નમો રત્નકુક્ષિધારી એમ કહી ભગવાનની માતાને નમસ્કાર કરે છે; અને વિનંતી કરે છે કે હે માતા ! તમોએ આવા પુત્ર રત્નનો જન્મ ન આપ્યો હોત તો અમારૂં શું થાત! આપના પુત્ર રત્નના અવલંબનથી આ ભવસમુદ્ર અનેક પ્રાણીઓ તરી જશે માટે હે માતા! તમોને ધન્ય છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે ભવિષ્યની પ્રજાની ઉન્નતિનો મુખ્ય આધાર સ્ત્રી કેળવણી ઉપર રહેલો છે.

વળી પ્રાચીન કાળમાં એટલે આપણા પ્રથમ તિર્થંકર શ્રીમદ્ રૂષભદેવ ભગવાને તેમની પ્રિય પુત્રીઓ બ્રાહ્મીને જમણા હાથથી અઢાર લિપિ, અને સુંદરીને ડાબા હાથથી ગણીત શાસ્ત્ર વિગેરેનું સારૂં શિક્ષણ આપી સ્ત્રી કેળવણીનો શરૂઆતથીજ દુનિયા ઉપર દાખલો બેસાડયો છે.

તેજ વખતથી ચાલતા આવતા રિવાજને અનુસરી પ્રજાપાળ રાજાએ પોતાની પુત્રી મયણાસુંદરી વિગેરેને લઘુ વયથીજ નૈતિક અને ધાર્મિક શિક્ષણ આપ્યું હતું. જેનું પરિણામ એવું આવ્યું હતું કે તેણે પતિ સેવા બજાવવા ઉપરાંત પોતાના પિતાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક જ્ઞાન સંપાદન કરાવી મનુષ્ય જન્મનું સાર્થક કરાવ્યું હતું; જે તેના શિક્ષણનો પુરાવો અત્યારે ઘણો લાંબો કાળ થયા છતાં નહીં ભૂલાય તેવો છે. વળી સોળ સતીઓ કે જે પવિત્ર માતાઓનું નામ સ્મરણ પ્રભાતમાં લેતા અનેક પ્રાણીઓના આત્માનું કલ્યાણ થાય છે, તે પૈકીની મહાત્મા સ્થુલીભદ્રની સાત ભગિનીઓ હતી, તેમને બાલ્યાવસ્થામાં નંદરાજાની સભા સમક્ષ પ્રજ્ઞતા, દક્ષતા વિગેરેથી ૧૦૮ મહા કાવ્યોનો ઉદ્ધાર કરી આણી રાજ સભાને આશ્ચર્યમાં ગરકાવ કરી હતી. તે સાતે બેનોનું બુદ્ધિબળ એટલું બધું હતું કે સતાવધાની, સહસ્ત્ર અવધાનીઓની માફક અનુક્રમે એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત વાર સાંભળેલ કાવ્યોને તે ક્રમસર બોલી જતી હતી. એટલે પેલીને એક વખત, બીજીને બે વાર, ત્રીજી ને ત્રણવાર એમ સાતમીને સાત વખત શ્રવણ થતાં તે ગૃહણ કરી શકતી હતી. વળી—

ભોજરાજાની સભામાં ધનપાળ પંડિતે પણ પોતાની પુત્રીને બાળપણથી સારૂં શિક્ષણ આપી મગજ શક્તિ એવી તો ખીલવી હતી કે તે અલૌકિક મદદગાર થઈ પડી હતી. પોતાના પિતાએ રચેલ ગ્રંથમાં ભોજરાજાએ રૂષભદેવને બદલે ઇશ્વર, અને અયોધ્યાને બદલે પોતાની ધારા નગરી, અને નાયક તરિકે પોતાનું નામ નાંખવા ધનપાળ પંડિતને આગ્રહ કરતાં ના પાડવાથી, ભોજરાજાએ જપ્ત કરી તે ગ્રંથને અગ્નિ શરણ કર્યો. આથી ધનપાળ ઘણોજ દિલગીર થઇ ઘેર આવ્યો. પોતાના પિતાને દિલગીર થયેલ જાણી પુત્રીએ પૂછતાં તેના આગ્રહથી સર્વ હકીકત લઘુ વયની પોતાની બાલિકાને જણાવી. જેથી તે પુત્રી બોલી પિતાશ્રી? નીરાશ થશો નહીં. તે ગ્રંથ આપ લખતા હતા ત્યારે હું ક્રિડાથી જોતી હતી જેથી મારે કંઠાગ્ર થઇ ગયો છે. તો આપ ઝડપથી લખવાનો આરંભ કરો, પુત્રીના આવાં અજાયબી ભરેલાં વચન સાંભળી પંડિત ધનપાળ ખુશી થયો, અને તે ગ્રંથ લખવા બેઠો. તે તેની પુત્રીએ પૂર્ણ કરાવ્યો, જેથી તેના કદરદાન પિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાએ તે ગ્રંથનું નામ તીલક મંજરી પાડયું તે ગ્રંથ અત્યારે જેસલમીરના ભંડારમાં સાંભળવા પ્રમાણે મોજુદ છે.

કોઇપણ દેશ કે કોમની ઉન્નતિનું મુખ્ય સાધન દેશની, સમાજની ધર્મની કે, કોમની આન્તર એટલે તેની અંદરની સુધારણા ઉપર છે, અને તેનું પ્રથમ પગલું ઘરની તેમ કુટુંબની સુધારણા ઉપર છે. સ્ત્રીઓને અજ્ઞાન રાખવાથી તેમજ તેને ઉન્નત કરવા માટે ઉચ્ચ પંક્તિ પર મુકવાનો યત્ન નહીં કરવાથીજ દેશની પ્રજા ઘણે ભાગે અજ્ઞાન, વીર્યહીન, શૌર્યહીન, પરાધીન અને દાસત્વને લાયક બને છે.

દેશોન્નતિ, કોમ ઉન્નતિ વિગેરેનો ઉચ્ચ હેતુ નજર આગળ રાખી સ્ત્રીઓના ભવિષ્યની પ્રજાની માતાઓના ઉચ્ચ પદનો, મહત્વનો સ્વીકાર કરી, ઉચ્ચ સુશિક્ષણ વડે તેમના જીવન ઉન્નત કરીશું–તેમની ઉન્નતિમાં આવતા વિઘ્નો, અસમાન લગ્ન, બાળ લગ્ન, વિગેરેથી તેમને મુક્ત કરીશું, તેમના વ્યાજબી કર્તવ્યોમાં તેમને યોગ્ય સ્વતંત્રતા આપીશું, દરેક પ્રકારે તેમનાં જીવન સુખમય, આનંદમય કરવા યત્ન કરીશું તોજ તેના થતા લાભો અને સુખો મેળવવા આપણે અને ભવિષ્યની પ્રજા ભાગ્યશાળી થઇશું.

સ્ત્રી કે પુરૂષ જન્મથી પ્રશંસા પાત્ર કે નિંદાપાત્ર નથી. જેવા તેમને કેળવણીના સંસ્કાર મળેલા હોય છે તે મુજબ પોતાની આખી જીંદગીમાં સન્માન કે નિંદાને પાત્ર થાય છે. જ્યારે આપણે ઉપર બતાવ્યા પ્રમાણે પ્રાચીન કાળથી બલ્કે અનાદિ કાળથીજ સ્ત્રીઓને ઉચ્ચ કેળવણી આપવામાં આવતી એમ જાણવામાં આવ્યું છે ત્યારે અર્વાચીન કાળમાં કેટલોક લાંબો વખત થયા તેનું મૂળ પણ દેખવામાં આવતું નથી. જેથી સ્ત્રીઓની અવદશા થઇ અને તે અધમ સ્થીતિએ પહોંચે તેમાં આશ્ચર્ય નથી. સ્ત્રીઓને કેળવણી યાને શિક્ષણની ખામી એજ તેમની અવનતિના મૂખ્ય કારણો છે. જેથી સ્ત્રીઓ જ્યાં સુધી ઉચ્ચ કેળવણીથી યોગ્યતા અને ઉચ્ચપદ પ્રાપ્ત નહીં કરે ત્યાં સુધી સામાજીક સર્વ પ્રકારની ઉન્નતિમાં ખામી આવ્યા શિવાય રહેશે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલના કાળમાં સ્ત્રીઓની અધમ દશા થવાનું તેમની પ્રતિષ્ઠા ઘટવાનું મુખ્ય કારણ કેળવણીની ખામીજ છે. વળી દરેક મનુષ્ય પોતાના ભિન્નભિન્ન પ્રકારનાં કર્ત્તવ્ય યથાર્થ રીતે યોગ્યતા પૂર્વક ચલાવી શકે, પોતાનું વ્યવહારિક તેમજ ધાર્મિક કલ્યાણ બરાબર રીતે કરી શકે તે માટે અવશ્યરીતે શારિરીક, માનસિક અને અધ્યાત્મિક કેળવણીની ખાસ જરૂર છે. અને તે કેળવણી જેટલી પુરૂષને ઉપયોગી અને જરૂરની છે, તેટલી સ્ત્રીઓ માટે જરૂરની અને ઉપયોગી છે.

આ કાળમાં સ્ત્રીયો જગતમાં રહી કુટુંબની, કોમની, દેશની ઉન્નતિ કરવા પુરૂષને સહાયભૂત થતી નથી, તેનું કારણ કેળવણીની ખામી છે. પોતાના કુટુંબને, કોમને અને દેશને શી શી જરૂરીયાતો છે, શી શી ખામીઓ છે અને તેને અંગે શા શા ઉપાયો યોજવાના છે, અને કુટુંબ, કોમ અને દેશનાં દુઃખ, કલેશ તંગી, દરિદ્રતા મટી સુખી કેમ થશે એમ નહીં વિચારતાં તેને બદલે સ્ત્રીઓ આજે પોતાનું જીવન પોતાનો અમુલ્ય વખત આડોશી પાડોશીની, સગા સંબંધી, ન્યાત જાતના માણસોની, કુથલી કરી નિંદા કરવામાં અને એક બીજાને વઢાડવા તેમજ છીદ્રો ખોલવામાં કાઢે જે ઘણું શોચનિય છે; અને તે થવાનું કારણ પણ કેળવણીની ખામી છે.

અત્યારની સ્ત્રીઓ, પોતાના સગા અને કુટુંબીયો તેમજ કોમના મનુષ્યો આજે સંકટમાં આવી પડેલા હોય તેને દિલાસો આપવાને બદલે, તેમજ તેમના ઉપર આવી પડેલા દુઃખનો ઘા રૂઝાવવાને બદલે તેમને ત્યાં સામા ખોટી રીતે રડવા કુટવા જઈ તેમના દુઃખમાં વધારો કરે છે. કોઇ સગા, નાતીલાઓને ત્યાં કાંઈ મરણ થયું હોય અને તેના કુટુંબનો કોઈ સમજુ માણસ જ્ઞાનવાન હોય અને ધર્મની રીતે કે વ્યવહારિક ડહાપણને લીધે કલ્પાંત અને રડારોળ કરવાથી મરણ પામેલાં પાછાં આવતાં નથી, અને કલ્પાંત કરનારને શરીરને નુકશાન થતાં આર્તધ્યાન વધતું દેખી કદાચ રોવા કુટવાનું બંધ કરે અથવા બંધ કરવા ઉપાય લે તો, અત્યારની સ્ત્રીઓ તેની નીંદા કરે અને તેમ કરનારનું વાંકુ બોલે અને પોતાનું ચાલે તો રડવા કુટવાનું કામ જેમ બને તેમ વધારે કરાવી દુઃખમાં આવી પડેલા કુટુંબના દુઃખમાં વધારો કરે છે. તેનું કારણ કેળવણીની ખામી છે. **( અપૂર્ણ. )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અદ્દભુત ઉપનય.

( અનુસંધાન ગત અંક પૃષ્ટ ૧૭૩ થી શરૂ. )

પ્રિય વાચકવૃંદ, આ વાર્તા ઉપરથી એક અદ્દભુત ઉપનય ઉત્પન્ન થાય છે. એ ઉપનય હરેક મુનિ મહારાજાએ મનન કરવા જેવો છે. પૂર્વ કાલે જૈન સમર્થ વિદ્વાનો આવા આવા ઉપનય દર્શાવી યતિ અને ગૃહસ્થ બંનેને પ્રતિબોધ કરતા હતા. ઉપનયથી એવો સજ્જડ બોધ થતો કે, શ્રોતાઓ તત્કાલ તે સાંભળેલી વાતને મનન કરી ક્રિયામાં મુકતા હતા. પૂર્વકાલે ઉપનયદ્વારા કરેલો બોધ કદિપણ નિષ્ફલ થતો નહીં. આર્હત ધર્મશાસ્ત્રોમાં એવા હજારો ઉપનયો છે કે જે ઉપરથી શ્રોતાઓના હૃદય ઉપર અસર થયા વિના રહેતી નથી.

આ અદ્દભુત ઉપનય પણ તેવીજ ભાવના ઉપર રચાએલો છે. આ વાર્ત્તામાં જે તરૂણ પુરૂષ વર્ણવેલ છે. તે ચારિત્ર ધારણ કરવાની ઇચ્છાવાળો કોઇ પુરૂષ સમજવો, તે જે ઉદ્યાનમાં આવ્યો હતો, તે ઉદ્યાન ચતુર્વિધ સંઘથી પરિવૃત એવો પ્રદેશ સમજવો. તે પ્રદેશમાં જે પાંચ પ્રકારના કલ્પવૃક્ષો વર્ણવેલા છે, તે પંચમહાવ્રતો સમજવા. તેની આસપાસ જે સત્તર જાતની વાડો તે સત્તર પ્રકારનો સંયમ જાણવો. તે ચતુર્વિધ સંઘથી પરિવૃત એવા પ્રદેશમાં રહેલા પાંચ મહાવ્રતો અને સત્તર પ્રકારના સંયમોની સાથે કાર્યોત્સર્ગે રહેલા જે મહર્ષિ કહેલા છે, તે આચાર્ય સમજવા ચરિત્ર ધારણ કરવાની ઇચ્છાવાલો તરૂણ પુરૂષ પ્રથમ તે આચાર્યને શરણે આવ્યો, ત્યારે તે દયાલુ આચાર્યે તેને જે સત્તર પ્રકારની વાડવાલા પાંચ કલ્પવૃક્ષોનો આશ્રય આપ્યો. તે સત્તર પ્રકારના સંયમવાલા પંચ મહાવ્રત આપ્યા સમજવા. તે સ્થલે જે પક્ષીઓ કહેલા છે, તે સંઘના શ્રાવકો સમજવા. તેઓ જે મધુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્વનિ બોલતા હતા, તે ખુશામતના શબ્દો સમજવા. તે શબ્દો સાંભળીને તે તરૂણ ત્યાંથી આગળ જવા તૈયાર થયેલ, તે શ્રાવકોના ખુશામત ભરેલા સ્તુતિ વાકયો સાંભળી તે તરૂણ મુનિ પોતાના આચાર્ય ગુરૂની પાસેથી જુદા પડવા તૈયાર થયા—એમ જાણવું. ગુરૂ મહારાજ તેને ચારિત્રરૂપ તે સ્થલમાં દૃઢતાથી રહેવાનું કહે છે, તથાપિ તે તરૂણ મુનિ સ્વતંત્ર થવાની ઇચ્છા રાખે છે અને પક્ષીરૂપ શ્રાવકોના સ્તુતિ શબ્દોથી આકર્ષાય છે. તે થોડો વખત પોતાના ગુરૂનો વિનય સાચવે છે, પછી જ્યારે પોતાના ખાસ શ્રાવકો થતા જાય છે, એટલે તે તરૂણ મુનિ ગુરૂનો ત્યાગ કરી દે છે, જે વૃક્ષોમાંણી મધુર ફળો પડવાથી અને પક્ષીઓના મધુર ધ્વનિઓ સાંભળવાથી તે તરૂણને ક્ષોભ થાય છે, તે મુનિ ને આહાર, પાણી વગેરે આપવાથી અને શ્રાવકોના ખુશામતથી ભરેલા શબ્દો સાંભળવાથી હૃદય ચંચલ થવાનું દર્શાવ્યું છે. અને છેવટે જ્યારે તરૂણ મુનિ સ્વતંત્ર બની ચાલી નીકળે છે, તે વખતે ગુરૂ તેને ઘણી રીતે સમજાવે છે, પણ તે શ્રાવકોના પક્ષનો આશ્રય કરી તરૂણ મુનિ સમજતો નથી અને પોતે સ્વતંત્ર થઇ ચાલી નીકલે છે.

તે તરૂણ પુરૂષ પક્ષીઓના ધ્વનિના મોહથી આગળ ચાલે છે, તે તરૂણ મુનિ શ્રાવકોના બહુ માનથી પોતાના ચારિત્રમાર્ગનું ઉલ્લંઘન કરીને આગળ ચાલે છે. જે સુંદર સ્વચ્છ જળવાળું સરોવર તે તરૂણના જોવામાં આવે છે, તે શ્રાવકોની ભક્તિ અને બહુ માન સમજવું. જેમ જેમ શ્રાવકો બહુ માન કરી ભક્તિ કરે છે, તેમ તેમ તે તરૂણ મુનિની માન મેળવવાની તૃષ્ણા વધતી જાય છે. શ્રાવકોના બહુ માનથી અને બહુ ભક્તિથી તે તેને માટે ઘણો તૃષાતુર બને છે. પછી જે ક્ષણવારે પક્ષીઓના ધ્વનિ થવાથી તે તરૂણના હૃદયમાં ક્ષોભ થાય છે, તેવારંવાર શ્રાવકોના સ્તુતિ શબ્દો સાંભળવાથી તેના હૃદયમાં બહુ માનનો ક્ષોભ થઈ આવે છે. આગળ જતાં જે સુંદરલતાઓ તેના જોવામાં આવે છે, તે શ્રાવિકાઓ છે. શ્રાવિકાઓ પણ તેનું બહુ માન કરે છે, તેથી તે માન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દશાને પામે છે, પણ ચારિત્રના યોગથી તે પ્રતિષ્ઠાને લઈને તે શ્રાવિકારૂપ લતાઓને માટે વિચાર કરે છે અને તેથી તે મોહને વશ થતો નથી. તેને એક પુદ્દગળની શોભા માની પોતાના આત્માને કાબુમાં રાખે છે.

વળી કોઈવાર એવે એવે પ્રસંગે તે તરૂણ મુનિને પશ્ચાત્તાપ થાય છે અને પેલા પાંચ કલ્પવૃક્ષરૂપ પાંચ મહાવ્રતોને સંભારે છે. જે તે લતાઓ તેતરૂણ પુરૂષની દ્રષ્ટિએ આવી તેની સામે અનેક ચેષ્ટાઓ કરે છે, તે તરૂણ મુનિ તરફ ભક્તિભાવ કરનારી સ્રીઓ સમજવી. પૂર્વ પુણ્યના યોગથી તે તરૂણ મુનિ તેના મોહપાસમાં ફસાતા નથી. જે તરૂણ પુરૂષને આગળ જતાં કેટલા એક પક્ષીઓ મધુર ફળો નિવેદન કરવા લાગ્યા. અને તે તરૂણ તે ફળોના સ્વાદમાં લોલુપ બની ગયો અને તે ફળોનો સ્વાદ કરતાં પણ તેની ક્ષુધા શાંત ન થઈ. આ વિષે સમજવાનું છે કે, તરૂણ મુનિ શ્રાવકોની ભકિતમાં એટલો બધો લોલુપ બની જાય છે કે જેથી તે શ્રાવકોનો મધુર આહાર, સુંદર ઉંચી જાતના વસ્ત્રો, અને બીજા મનોહર ઉપકરણાઓ લેવાને આતુર થઇ જાય છે. અને તેથી એટલો બધો તેમાં આસકત બને છે કે, જેમાં તેની તૃષ્ણા વૃદ્ધિ પામતી જાય છે.

# ક્ષમા અને ક્રોધનો સંવાદ.

( અનુસંધાન ગતઅંક પૃષ્ઠ ૧૭૯ થી શરૂ. )

**ક્રોધ**—ક્ષમા, હું તારો અનાદર નહીં કરૂં. તારા કયા ગુણો છે ? તે જાણવાની મારી ઇચ્છા છે. પણ એટલું યાદ રાખજે કે, તારે તારામાં જે સત્યગુણ હોય, તેજ જણાવવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ક્ષમા**—મારામાં કેવા ગુણો છે? તે હું પોતે કહું છું, પણ તે મારા ગુણોને શોધનારા વિદ્વાનો છે. અને તે વિદ્વાનોએજ મારા ગુણો વર્ણવેલા છે. આ ભારત વર્ષની આર્ય પ્રજા મારા ગુણોને માટે મોહિત છે. સર્વ ધર્મોની અંદર મને પ્રધાન પદ આપવામાં આવેલું છે.

**ક્રોધ**—બાઇ, તું શા માટે વધારે પડતું બોલે છે? તારા નિર્માલ્ય આત્માને કોણ માન આપવાનું હતું?

**ક્ષમા**—અરે દુરાત્મન્, મારો આત્મા નિર્માલ્ય છે, એ વાત તું તારી અજ્ઞાનતાથી જણાવે છે. હું નિર્માલ્ય નથી, પણ એક અહિંસક તરવાર છું. જે પુરૂષ મારારૂપ અમોઘ તરવારને ધારણ કરે છે, તો તેને કોઈપણ પરાભવ કરી શકતું નથી. જેના હાથમાં હું રહેલી છું, તે પુરૂષ આ સર્વ વિશ્વને વશ કરી શકે છે. તે વિષે એક વિદ્વાન નીચેનો શ્લોક બોલે છે.

"क्षमा खड्गः करे यस्य दुर्जनः किंकरिष्यति ।
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति" ॥ १ ॥

"જેના હાથમાં ક્ષમા રૂપી તરવાર રહેલ છે, તેને દુર્જન શું કરી શકવાનો છે? ઘાસ વગરના સ્થાનમાં પડેલો અગ્નિ પોતાની મેલેજ બુઝાઇ જાય છે."

મૂર્ખ ક્રોધ, આ શ્લોક તારા જાણવામાં નહીં હોય, તેથીજ તું મને નિર્માલ્ય કહે છે. ભારતવર્ષના વિદ્વાનોએ મને ખડ્ગની ઉપમાં આપી છે. મને કમર ઉપર બાંધી ચાલનારા મહાત્માઓ આ જગત્‌માં સત્કીર્તિ મેલવી કલ્યાણના પાત્ર બનેલા છે. મારા પ્રભાવથી ભગવાન્ તીર્થંકરો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને મુનિવરો મુક્તિપુરીના મહાનંદને સંપાદન કરનારા થયેલા છે. આર્હત ધર્મવીર પુરૂષોના મંડલમાં પણ તેમની ધાર્મિક ઉન્નતિનું કારણ હું પોતે જ બની છું. મારા (ક્ષમા) ગુણને માટે ભારતવર્ષના મહાન્ ધર્મગુરૂઓ હંમેશા પ્રતિબોધ આપ્યા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષમાના આ વચનો સાંભળી ક્રોધ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થઈને ( ક્રોધ પામીને ) બોલ્યો—અરે આત્મ પ્રસંસા કરતારી, ક્ષમા, હવે વિશેષ બોલ નહીં. તારો એ શાંત સ્વભાવ તદ્દન નકામો છે. જેઓ તને તરવારની ઉપમા આપે છે, તેઓ મોટી ભુલ કરે છે. તારામાં તરવારની ઉપમા ઘટતી નથી. જેઓ તને ખડ્ગ કહે છે. તેઓ તારી ખોટી ખુશામત કરે છે. ખરેખરી તરવાર અને ખડ્ગ તો હું પોતેજ કહેવાઉં; કારણ કે, તીવ્રતાનો મહાન્ ગુણ મારામાં જ રહ્યો છે, જો માણસની અંદર મારો આવેશ ન હોય તો તે તરવાર પકડવાને પણ સમર્થ થઇ શકતો નથી.

**ક્ષમા**—અરે ! દુરાચારી, તારાથી તો કાંઇપણ બોલી શકાય તેમ નથી. તને તો વિદ્વાનોએ ચંડાલ તુલ્ય ગણેલો છે અને તેને માટે મેં તને એક બ્રાહ્મણનો પ્રત્યક્ષ દાખલો આપેલો છે.

**ક્રોધ**—ક્ષમા, વિદ્વાનો મને ગમે તેવો કહે, પણ હું મારા સ્વરૂપને ભુલી જવાનો નથી. મોટા જ્ઞાનીઓ અને યોગિઓ પણ મારાથી ભય પામે છે. તેઓ મારે માટેજ લોકોને ઉપદેશ આપવાને ફર્યા કરે છે. તથાપિ કોઇપણ મારો પરાભવ કરી શકતું નથી. કહે, તારામાં મારા જેવો એવો કયો ગુણ છે ?

**ક્ષમા**—અરે ચંડાલ, મને આત્મપ્રશંસા કરતાં લજ્જા આવે છે. પણ જો મારા ગુણનું કથન તારી સમક્ષ કહેવા બેસું તો–તને હૃદયમાં વધારે બળતરા થશે. આ જગત્માં મહાનુભાવ પુરૂષોએ મને મોટામાં મોટી ગણેલી છે.

**ક્રોધ**—અરે ગર્વવતી, વધારે પડતા શબ્દો શા માટે ઉચ્ચારે છે ? આ જગત્માં પરાક્રમી સ્વરૂપ તો મારૂંજ છે. તે છતાં જો સર્વથી અધિક ગણીએ તો વખતે જ્ઞાન થઇ શકે. તું કાંઇ જ્ઞાનથી મોટી ન કહેવાય ?

**ક્ષમા**—ક્રોધરાજ, તારા મુખમાંથી જ્ઞાનને માટે સારો અભિપ્રાય જાણી મને સંતોષ થાય છે. પણ જ્ઞાનનું ખરૂં સ્વરૂપ તારા જાણવામાં હોય, એમ હું માનતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ( उन्नति नः होनेका कारण )

विदित हो कि गत अंकमें ( हमारी उन्नति क्यों नही होती) इस लेखमें सपिष्ट बता चुके हैं कि हमारे भाई जो, मुखसे कहे उतनाही करके दिखावें तो शीघ्र उन्नति होनेमें कोई शंका नही रहती पर आमिल वा अमल कहता सो करता किसीको नही देखा—और यही पूरी न्यूनता है जो उन्नति होनेमें वाधा डालती है दुत्ये कारण उपदेशकों की खामी है (कमी है ) क्योंकि विना उपदेशकों के कोई कार्य पार नही पडता त्यागी उपदेशक साधु मुनिराज उपदेश देते हैं सही पर उनकी तादाद बहुत कम है जिसमें बहुत भाग अध्यात्मी है उनके लिये चाहे जैन जाति तिरोया डूबो उन्हें कुच्छ परवाह नही है उन्हें तो केवल मालाके दाने लुढकाने से मतलब है और कुच्छ भाग विद्याअभ्यास करता है इने गिने महात्मा ऐसे हैं जिनसे वादी चक्कर खाते हैं.

परन्तु इतनी कम तादाद से जैन जातिका काम नही चल सक्ता और ऐसे कनक कामनीके त्यागी उपदेशकोंका एक दम वढना भी कोई छोटीसी बात नही है. कहीये तो अब काम कैसे चले सेकडों नगर ऐसे हैं जहां त्यागी उपदेशक नही जासक्ते. क्यों कि जैन वर्ग ज्यादह है वहां तेहो वोह खाली नही तो कम जैनोंकी आंबादीवाले नगरोंमें कौन खबर लेता है और बहुत नगर ऐसे हैं जहांपर उन महात्माओंकी क्रिया कठिन होनेके कारण विहार ही नही हो सक्ता तो उन लोगोंकी खबर लेवे कौन—और खबर नः लेनेसेही घोर अन्धकार हुवा जाता है जैन जाति अन्यमती बनते जाते हैं उदाहरणमें जोधपुर—उदयपुर—अजमेरमें औशवाल वैष्णव ब्रह्मनमतानुयाई होगये और आगरेके निकट बराराग्राम

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



और आगरेमें पल्लीवाल जैन श्वेताम्बर होगये और ढूंढक तो बहुतसे नगरोंमें दिखाइ पडते हैं तो कहीये इनका सुधारा कैसे हो मुनासिब है और अग्रेसरोंसे दरखुवास्त है कि एक कौनफिरन्स फंडमें या उपदेशक फंड कोइसाभी हो कार्य द्रढ करके उसकेद्वारा उपदेशक देखकर ग्रामोग्राममें नाज नः कराया जायगा तबतक उन्नति नही होगी.

क्योंकि विना उपदेशकोंके किसीभी धर्मने तरक्की हासिल नही की बल्कः तनज्जुल हुवा है तवारारवें ( इतिहास ) पढो और पते लगावो कि महात्मा बौद्ध के जमानेमें जिस समय उपदेशक विशेष थे और विद्वान उद्यमी रहै तमाम प्रथवीमें बौद्ध नजर आने लगा यहां तक उपदेशकोंने धर्मको फैला दिया कि एक हिस्सेमें समस्त मत और तीन हिस्सोंमें बौद्ध महाराजका झंडा लहकने लगा था पर इसी धर्म जब विद्वान उपदेशकोंकी न्युनता आई तो इधरके देशोंसे नाम निशान तक उठ गया और दुनयाके सिर्फ १ कौने चीनादि देशोंमें जा आबाद हुवा हांलां कि यहांसे वो लोग ब्राह्मणोंके जुल्मसे चले गये परन्तु विद्वान उपदेशक उद्यमी नः होनेकाभी एक कारण था इसी प्रकार सांख्य—वैदिक—नैयायिक वैशेषिक—जैमिनीय—शंकरस्वामी—रामानुज—वल्लभकुली—कबीरपंथी--रामस्नेही--शली--सुर्योपालक-ब्रह्मसमाज-आर्यसमाज-तुकारामी ईसाई-मुसलमान-पारसी-राधास्वामी-आदिक मतानुयाईयोंने जब २ स्वधर्मकी वढवारी की तो इन्हीं पांच कारणोंमें से किसीका सहारा लेकरही की (१) उपदेशक (२) परिश्रम (३) विद्या (४) द्रव्य (५) ताकत—खूब गौर कर लीजये कि यही बातें सबको उन्नतिमें सहायभूत हुई और होवेंगी जिस मतमें ये पाचों बातें नष्ट होगया इन पांचोंमें कसरत रायके नियमानुसार ३ बातें भी जिधर पूरी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कोई शंका नही रहती.

उदाहरणमें मुसल्मानोंही की देखीये हिंदुस्तानमें जिस समय इन्होंने स्वधर्म फेलाया ताकत और उपदेशक उद्यम-द्रव्यकी मुख्यता था क्योंकि मंदिरोंको ढाकर मसजिदें बनाना मांस मदिरा खिलाकर जबरन मुसल्मां करके जो धर्म बढाया उसीमें घटालो कि उपदेशक तो येही जो ऐसी प्रेरणा करते थे द्रव्यथाही जिसको खर्च करके वोह यहां आये और सोमनाथादि तक पहुंचे और भारत भ्रमण करते रहे और उद्यममें तोड फोड करना मंदिरोंका नकशा बिगाड मसजिद बनाना धर्म भ्रष्टादि करतेथे और ताकात तो पहले ही नकदर काममें लातेही थे जिससे दूसरे लोगोंका वस नही चलताथा.

शंकरस्वामीका इतिहास पढलो बौद्धोंको बचेसे लगाकर वृद्ध तक कत्ल करना के निकाल स्वधर्मकी उन्नति की उसमें भी पहले उपदेशक और परिश्रम (उद्यम) काम आया बादमें ताकतसे तो उन्हें निकालही बाहर किया,

ईसाइ धर्मको प्रतक्ष ही देखीये उन्होंने अपने धर्मको भारतमें जो फेलाया और फेला रहे हैं उन्होंभी ३ वस्तूओं का सहारा लिया द्रव्य १ उपदेशक २ उद्यम ३ कुच्छ विद्या और ताकातका भी सहाराही है पर प्रतक्ष रूपसे नजर नही आता, आर्यसमाज दयानंदी मजहब कोही देखीये उसने देखते देखते कितनी तरकी हासिल की है उन्होंने भी उपदेशक १ परिश्रम २ विद्याकी सहायता लीहै जिसकी बदौलत नगर २ में सभाए जारी की और लाखोंकी तादादमें पहुंच गये ये सारा परताव उपदेशकोंकाही है, ढूंढक समाजहीको देखो इन्होंने दोही बातोंसे काम चलाया क्योंकि लक्ष्मी तो इन्होंसे खर्चही नही होती जिस वास्ते तो यह मजहब

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ही उन्होंने धारा है और विद्या इनसे और ये विद्यासे कोसों भागते हैं और ताकत इन वेचारोंमें क्या और बहुतसे धर्मोंमें नही है इनको यदि धर्म चलानेमें मदद मिलती है तो उपदेशक और परिश्रमका ही सहारा है जिस ग्राममें किसी मजहबका जोर नही है लोग पढे लिखे नही हैं उन देहातोंमें ये विहार करते हैं और गायन गा गा कर और लोगोंको निजधर्ममें पाबंद करते हैं ये दूसरी बात है कि सरस्वतीपुत्र वादिमुखभंजन माहात्मा श्रीमत् वल्लभविजयजी आदिक उधर जा पहुंचे और उन लोगोंकी लगी पैंठ को जा उजाडे उनकी बंधी पौलको खोल दें पर तारीफ तो उनकी यही करनी चाहीये कि विद्या कुछ भी नः होनेपर भी देहातोंमें छोटे छोटे गामडोंमें, जहां २ कोई धर्मवाला भी नः पहुंचे ये जा जा कर अपनी पैंठ तो जमाते हैं क्यों कि इन्हें केवल दोही बातों का सहारा है.

प्यारे मित्रो, कुछ उदाहरण नमुनेके मानिंद आपको दिखाये शेष आपही समझ लीजये सारे लिखूं इतनी पत्र में जगह नही है गौर कर लीजये सब उदाहरणोंमें उपदेशक और परिश्रम पहले नम्बर मौजूद है इसके वगैर किसीका काम नही चला साथमें विद्या-देवी और लक्ष्मी देवी भी लगी है पर हमारी जाति में पांचोंमेंसे एक भी बात पूरीं नही हालां कि उन्नतिमें कमसे कम ३ तीन बातां तो हों पर मुकाबलेमें यहां १ एक भी पूरी नही तब कहीये उन्नति कहांसेहो.

मित्रो, विचारनेका स्थान है कि जिस प्रकार भोजन करनेमें हाथकी आवश्यक्ता है तिजारतमें लक्ष्मीकी आवश्यक्ता है पक्षीयोंको उडनेमें पंख की आवश्यक्ता है चलने फिरनेमें हाथ पैरकी आवश्यक्ता है इसी प्रकार धर्म प्रचार में ऊपदेशकोंकी आव-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्यक्ता है विना उपदेशकों के किसी धर्म ने किसी हालतमेंभी उन्न-ति नही की, और नः कर सकेगा पर शोक इसी बातका है कि जिसकी पहले जरूरत है वो पीच्छे के वास्ते रख छोडते है जो पीच्छे करने के काम हैं उनपर पहले लक्ष दिया जाता है पर खेद इसी बातका है कि इधर कोईभी ध्यान नही देता जो काम निहा-यत जरूरी है जिस कार्यके वगेर जैन जाति रसातलको पहुंचती जाती है जिसके वगेर महान घोर होता जाताहै उधर किसीकाभी ध्यान नही है और जिस काम की कुच्छभी जरूरत नही है उधर लाखों रुपीयाका सत्यानाश करे डालते हैं ये नही सोचते कि यदि उपदेशक तैयार होजावेंगे तो आपलोग जितनी वर्षोंसे हाय तोबा करके आ-जतक नतीजा नही निकाल सकेहो उतना नतीजा १ वर्षमें उपदेशक निकालकर दिखा सक्ते हैं तो इधर क्यों नही ध्यान देतेहो आपको उपदेशकों का फायदा प्रत्यक्ष इसाईसमाज—आर्य समाजका प्रचार दि-खा रहा है तो नही मालूम फिर आपकी आंखें क्यों मिची जाती हैं जो इधर ध्यान नही देते.

प्यारे भाईयो, मैं एक दो सेठयों को नही बल्के तमाम जैन जाति से दरखुवास्त करताहूं कि सब कामोंकी बजाय इधर ध्यानदो तो भविष्यमें कुच्छ कल्याणहो.

यदि उपदेशक मंडल कायम हो जावेगा तो एकदम सुधार होजावेगा क्योंकि उनका कामतो ग्रामों ग्राम भ्रमण करना जैन जातिके सुधारेके काम सोचना और उपदेश करना ही होगा आप लोग उनके मुका-बलेमें क्या कर सक्ते हो यदि बहुत जोर मारा तो कौनफिरन्स या प्रान्तिक कौनफिरन्स कर डाली उसमें ३ दिन दिमागी जोर खर्च किया फिर ३५७ दिन कौन दिमाग लगावेगा तुम लोग तो घर पर जातेही चिन्ताओं के फेर में पड जावोगे फिर कौमका फिकर कौन करेगा-दस वीस हजार

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जो कौनफिरन्स आदि मेलावडोमें महाशय पधारें उनको आप अग्रेसर लोग उपदेश सुना सक्ते हो–अपनी जाति की त्रुटियां भी वता सक्तेहो पर बाकी की लग भग तेरह १३ लाख जाती को कौन सुझाने जावेगा यदि उपदेशक मंडल होगा तो ग्रामो ग्राम भ्रमण करके सारी जैन जाति को जगावेंगा और चंदा भी करके भिजवाऐंगे क्योंकि कमानेका तो फिक्र हुवा दुर क्योंकि तनख्वाह तो उपदेशक फंडमेंसे मिलेगी तो सारी उमर सिवाय जैन जातिकी उन्नतिके करनाही क्या है यदि आप लोग कोलिजभी खोलो पाठशाला खोलो जीर्ण मंदिरोद्धार करावो कौनफिरन्स हमेशा के वास्ते कायम फंड भराओ निराश्रय भाईयों की सहायता करो इत्यादि कुछही धर्म कार्य करो विना रूपचंदके कुच्छ कर नही सक्ते और रूपचंद [रुपेया] जमा करनेको घरसे बाहर निकले कौन, सभी अपने २ धंदेमें लगे हैं–यदि दो चारने किसी कारणसे कुच्छ कार्य करभी दिया तो क्या समग्र जातिको इतने आदमी काफी हो सक्ते हैं–मैं दावेके साथ कहताहूं कि कुच्छ नही हो सक्ता.

जबतक उपदेशकोंकी काफी तादादकी विद्वान पारटी उग्रभी नही कायम होगी जाति सुधार देश सुधार धर्मसुधार कुच्छ भी नही होगा–जो लोग संसारी कार्योमें गलतां पेचां हो रहे हैं भला उनके दिमाग इधर क्यों कर रात्री दिविस रजू हो सक्ते हैं (और है भी सत्य) जो तिजारती आदमी या नोकरी पेशे हैं वो अपना गुजारे का काम करें, या जाति सुधारे में आ अडे कौनफिरन्समें जो फंड हैं मान लिया जाय कि वो खाते चलू तो हैं (परन्तु नही) विना इस खातेके सभी बंदसेही समझो ध्यान करो कि निराश्रय फंडमेंसे जो रूपया दिया जाता है उनके लेनेवाले इस काबिल हैं या योंही गबन होता है, या जो भाई लेने योग्य है

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उनको मदद पहुंचती है या नही या जिस समय उन गरीब भाईयोंको वेतन जारी हुवाथा अभी वोही स्थती है या कुच्छ फेरफार हुवा है—(भला इन बातोंकी तहकीकात करे कौन) कौन घरसे गली बैठा है जो भ्रमण करे और गांठ का खर्च करके खोज लगावे धनाढ्य तो हुई के गिदे तकये छोडना नही चाहते गरीबोंपर इतना रुपया नही जो खर्च करें तब कहीये देशमें जातिकी जांच कौन करे कि कहां २ पर कैसी २ स्थिती है—यदि उपदेशक हों तो सभी काम वो अंजाम दे सक्ते हैं कौनफिरन्सने की आदमी सालाना एकठा करनेका रिवाज निकालाथा पर वो चला नही—चले कहांसे ग्रामानुग्राम वसूल करने कौन जावे—और इतने भले मानस देनेवाले नही जो विना मांगे मनयाडरद्वारा या अन्य प्रकारसे भेज देवें क्योंकि जाहिल पारटी विशेष ठहरी यदि उपदेशक पारटी होती तो वो दमादम सारा काम करती चली जाती जहां पहुंचती अग्रेसरों को रिपोर्ट भी भेजती और नियमोंका भी पालन कराती अब तुम अग्रेसर लोक एक जगह एकत्र होकर हजार रूल पास करो पर जब जाहिल पारटी उसपर चलतीही नही तो बतावो विना उपदेशक पारटी कैसे उनके दिलमें तुम प्रेरणा करवा होगे—जीर्णउद्धारादि फंडमें हजारोंका खर्च होता है शास्त्रउद्धारमें खर्च होता है विना जांचके क्या मालूम कितना खर्चेका काम था और कितना उठ गया यदि उपदेशक होवें तो सभी भेद खुलें और भली बुरी खबर मालुम होती रहें बरना जैसलमेर में हीरालाल हंसराजने रुपयेमें गडबडकी वैसी हुवा करेगी और पता भी नः लगेगा कि कितना फजूल रूपया बरबाद हुवा क्यों कि इंतिजाम अग्रेसर लोग कहांतक करेंगे ये तो टंटा जभी मिटेगा जब उपदेशक मंडलीकी तर्फसे ग्रामानुग्राम जैसे इसाई और आर्य समाजके उपदेशक भ्रमण करतेहैं उसी तरह जैन विद्वान बाज करेंगे और धर्म कार्योंका हाथमें लेंगे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भ्रातृगणों—मैं डंकेकी चोट कहताहूं कि विना उपदेशकोंके कोई मजहब नही चला और उपदेशकोंके गारत होतेही वो मजहब गारत होगये जिसका उदाहरण प्रत्यक्ष रूपसे देखलो कि सूर्य गडाग सूत्रमें जिन ३६३ पाखंडीयोंका खंडन किया है उनमेंसे कितनेही धर्म नेस्त नाबुद होगये याद करलो तरीखे देखलो हदीसें पढलो और इतिहास सुनलो यही सार निकलेगा कि उनके पहले उपदेशक नष्ट हुवे बादमें मजहब नष्ट हुवा.

वही कायदा फोज काहै जहांतक सरदार फोज काहै फोज झंडे तले लडती है सरदार के मरतेही फोज भाग खडी होती है या दूसरे की शरण लेती है यहां झंडा जो है वो धर्म है और उपदेशक जो हैं वो सरदार है जबतक धर्म रूपी झंडा उपदेश्क रूपी अफसरोंके हाथमें हैं तबलो फोज रूपी जैन जाति सीमाके अंदर है और जब उपदेशक रूपी सरदार नहीं रहता तो धर्म रूपी झंडा कौन उठावे नः झंडा उठाने वाले रहते हैं नः उसके तले फोज लडने वाली जमा होती है विना झंडेके उठाये खंड बंड मामला हो जाता है इसी वास्ते वारम्वार पुकारकर कहा जाता है कि धर्म रूपी झंडा उठाने वाले उपदेशक जहांतक हो शीघ्र वढावो.

भाईयो ये आपका मजहब जो आजतक कायम रहा उसका यही कारण है कि बडे रहो या छोटे पर धर्म रूपी झंडा उठाने वाले उपदेशक बने रहैं अगर वो नः होते तो कभीका यह मजहब गारत हुवा होता और हूवा भी जब २ झंडा उठाने वाले सरदार कमजोर हुवे दूसरे लोगोंने बल पाकर अनेक फिरके काढ लीये जो आजतक जहाज रूपी जिन धर्म को मगर मच्छोंकी भांति टक्कर मार रहें हैं.

भ्रातृगणों, मैं घोषणाके साथ कहताहुं कि उन टक्करोंकी रोक

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



के वास्ते अभी इस णातिने कोई उपाय नही सोचा यह उन्ही का गुणगावो जो पहले ताकतवर उपदेशक रूपी कमान्डरोंने वो मजबूत जहाज खडे किये हैं जो बारम्बार टकरें लगनेपर भी जरा नही हिलते वरना अबतक कभीका चूरा हुवाहोता हां मरम्मत के वास्ते जबर विशेष घोर हुवा है ऐकना ऐक आकिल कमान्डर हुवा है जो मरम्मत करने के अलावा उन मगरमच्छोंकोभी पकडता गया है जैसाकि पहले घोर हुवा तो साढेतीन क्रोड ग्रंथ कर्ता हेमचंद्राचार्य हुवा बाद में घोर हुवा तो न्याय विशारद उपाध्याय यशोविजयजी हुवे फिर घोर हुवा तो कलीकाल सर्वज्ञ विययानंद सूरि आत्मारामजी महाराज हुवे कि जिन्होंने इस धर्म रूपी जहाज की संभाल की यदि अब फिर संभाल नः की जावेगी तो फिर वोही घोर होजावेगा.

मित्रवरो, यदि अभ्यंतर दृष्टिसे विचार करोगे तो आपको सिवाय उपदेशक फंडद्वारा उपदेशकों को कायम कर भारत भ्रमण करानेके अलावा कोई तदवीर नही सूझेगी जो इस धर्म रूपी जहाज की रक्षा करे यदि उपदेशक होंगे तो वो ग्रामानुग्राम जैन जातिको समझा सकेंगे विद्याका प्रचार करावेंगे कोलिज पाठशाला खुलवाएँगे पुस्तक प्रचार करावेंगे चंदा एकत्र कराकर भिजवाएँगे समाचार पत्र जैसे निकलने चाहीयें प्रकाश करेंगे जो जैनोंपर आक्षेप हो रहे हैं उनका समाधान करेंगे जो शास्त्रार्थ करनेको आवेंगे उसको पराजय करेंगे नगर नगरमें वाज करेंगे गरज के अनेक काम धर्म और जातिकी उन्नातिके करेंगे वरना आप चाहें सारी जिंदगी मगज मारीये कुच्छ नतीजा नः होगा.—

शेठ जवाहरलाल जैनी.
सिकन्दराबाद यूः पीः जिल्ला—बुलन्द शेहर.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂજ્ય મુનિરાજો તથા શ્રાવકો પ્રતિ અગત્યની સૂચના.

( ગતાંક પૃષ્ઠ ૧૯૧ થી શરૂ. )

૧૩ અહો ! આજકાલ જેવો પોતપોતાની ફરજો પ્રથમ તો ભાગ્યેજ સમજે છે. અને સમજી પ્રમાદપરિહારી કોઇક વિરલા નર રત્નોજ સન્માર્ગે દોરાય છે. અર્ધ દગ્ધોને તો સમજાવવા સાક્ષાત બ્રહ્મા કે બૃહસ્પતિ પણ સમર્થ નથી, તો પછી આપણે તો તેને શીરીતે સમજાવી શકીયેજ? સ્વલ્પમાં કહીએ તો જીવ જેવો ખાલી હાથે આવ્યો છે, તેવો પાછો ખાલી હાથેજ જવાનો છે. અરે ! પોતે પણ પ્રત્યક્ષ અનુભવથી તેમ જાણી, જોઇ શકે છે છતાં પણ આવી દુર્લભ સામગ્રી સફળ કરવા કંઈપણ જોઈતું કરી શકતો નથી, એજ મહા આશ્ચર્યસૂચક વાર્તા છે. ખોટા માની લીધેલા સ્વાર્થની ખાતર તો ભારે મોટો ભગીરથ પ્રયત્ન કરે છે. યાવત્ દાસત્વ પણ સ્વીકારે છે, પરંતુ પોતાનો સાચો સ્વાર્થ સાધવાના સમયે તો ગળીયા બળદ જેવો નિઃસત્વ કાયર—પુરૂષાર્થહીન બની જાય છે, આ શું ઓછું લજ્જાસ્પદ છે? પરંતુ ખેર! સમ્યગ્ જ્ઞાન વિવેકની ખામીથી માણસ માત્ર ભૂલે છે, વા વિવેકદૃષ્ટિ વિનાનો માણસ પણ પશુસમાન ગણાય છે. તો હજી પણ કંઇક વિવેક આણી આ દશ દૃષ્ટાંતે દોહિલો મનુષ્ય ભવ વિગેરે વિશિષ્ટ સામગ્રી સફળ કરવા ચાહે તો હવે વધારે સાવધાન થઇ પ્રમાદ શત્રુને વશ નહિ થતાં પોતાનું છતું વીર્ય—તન મન અને ધનના સદુપયોગથી સ્ફુરાવવા ભારે પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે. જન્મ, યશ અને મૃત્યુ, આધિ-વ્યાધિ, અને ઉપાધિ, સંયોગ અને વિયોગસંબંધી અનંત દુઃખથી સર્વથા રહિત શાશ્વત સુખ સંપાદન કરવા ઇચ્છતા ભવ્ય જીવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતે વિચારવું ઉપયુકત છે કે કોઇપણ ભારે અગત્યનું કાર્ય કોઇએ પણ કદાપિ કંઇ પણ ભોગ આપ્યા વિના સાધ્યું છે ? તેનો નકાર વાચકજ ઉત્તર આપશો પડશે. ઠીક ત્યારે મોક્ષસંબંધી અનંત સુખ આપણે એમના એમ કંઇપણ તન મન કે ધનનો ભોગ આપ્યા વિના શું સહજ સાધી શકીશું ? ના ના, કદાપિ પણ નહિ. ત્યારે મારા પ્રિય બાંધવો ? આજકાલ ચાલી રહેલી અંધાધુંધી ( પોતાને જેમ ફાવે તેમ વર્ત્તવ રૂપ ) એમના એમ કયાં સુધી ચલાવે જઇશું ? મુનિજનો મોજમાં આવે તેવો ઉપદેશ દે અને ગૃહસ્થો ( શ્રાવકો ) તે મહાત્માનું મન રીઝવવા ઊત્સવ, મહોત્સવ કરી એકાદ સારી જમણવારરૂપ કલશ ચડાવી પોતાના જન્મનો કે પૈસાનો લ્હાવો લીધો માને, એ કેવું ભારે આશ્ચર્ય ! છતાં આપણે તેવા ભાગ્યશાળી મહાત્માઓ તથા શ્રાવક વરોને શાંતિથી—કહીશું કે, ભાઇઓ ! જયારે આપણા ઘણા જૈની ભાઇઓ બ્હેનો કે કુટુંબી જનોની ઘણીજ બારિક સ્થિતિ આવી ગઇ છે, તેમને ખાવા પીવાના પણ ફાંફા છે, ભુખના માર્યા બાપડા ધર્મ સાધન પણ કરી શકતા નથી ત્યારે આપણે શું આપણા સાધર્મીઓનું દુઃખ દિલમાં ધારવું, અને તેમ કરી યથા શકિત ઉચિત કરવું–કરાવવું યોગ્ય નથી ? અત્યારે અવશ્ય જૈન માત્રે સ્વસ્વ કર્તવ્ય સમજી દુઃખીને દાદ દેવી ઘટે છે. એ આપ જાણતા હશો, છતાં પરભવ યોગ્ય સબળ સાધન સાથે લેવા પરમ પવિત્ર પરમાત્મા પ્રણીત પ્રવચનને ઉત્કૃષ્ટ ભાવે અનુસરવા કેમ વિલંબ થતો હશે, એ સમજવું બહુ કઠિન થઇ પડે છે, તે આપ અમને સમજાવવા તથા તદ્દવત્ ઉચિત વિવેકથી વર્તી સંતોષ પમાડવા જેટલું બને તેટલું કરવા નહિ ભુલશો તો આપનો મોટો ઉપકાર અત્યંત ખુશીથી માનશું.

( અપૂર્ણ. )

For Private And Personal Use Only